# (સર્કયુલર જાહેરાત ક્રમાંક: ૬૧/૨૦૧૫૧૬)

**બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર વર્ગ-૩ સંવર્ગની જગ્યાઓ ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા યોજીને ભરવા બાબત.**

પોલીસ મહા નિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, ગુ. રા. ગાંધીનગર તરફથી મળેલ માંગણાપત્રક સંબંધમાં પોલીસ મહા નિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી હસ્તકની બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર (મોડ-૨) વર્ગ-૩ સંવર્ગની રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ (ગ્રેડ પે- ૪૪૦૦) ના પગાર ધોરણવાળી જગ્યાઓ પર ખાસ સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે નિમણૂંક આપવા સારૂ ગુજરાત  સરકારના ગૃહ વિભાગના તા. ૨૭/૦૮/૨૦૦૮ ના જાહેરનામા ક્રમાંક: જીજી/જીયુજે/૩૮/બીઆરટી/૧૦૯૭/૩૭૩૫/સી થી નિયત કરાયેલ ભરતી નિયમો તથા ત્યારબાદ વખતો વખતના સુધારા તેમજ તા. ૧૦/૦૯/૨૦૧૪ ના જાહેરનામા ક્રમાંક: જીજી/જીયુજે/૭૮/૨૦૧૪/એમએચકે/૧૦૨૦૧૪/૧૭૨૮/સી થી નિયત કરાયેલ ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો તથા ત્યારબાદ વખતો વખતના સુધારા અન્વયે પસંદગી કરવા ઉપરોક્ત જાહેરનામાઓની જોગવાઇ મુજબ શૈક્ષણિક લાયકાત તેમજ અન્ય લાયકાતો ધરાવતા હોય તેવા ગુજરાત રાજ્ય પોલીસ સેવામાં આસીસ્ટન્ટ સબ ઇન્સ્પેકટર (બિન હથિયારી) વર્ગ-૩ અથવા હેડ કોન્સ્ટેબલ (બિન હથિયારી) વર્ગ-૩ સંવર્ગમાં ઓછામાં ઓછા ત્રણ વર્ષની ફરજ બજાવેલ હોય તેવા અથવા પોલીસ દળમાં અનાર્મ્ડ એ.એસ. આઈ. વર્ગ-૩ અથવા અનાર્મ્ડ એ. એસ. આઇ/અ. હે. કો./ અ. પો. કો. વર્ગ-૩ સંવર્ગમાં એકત્રિત કે અલગ અલગ ૧૫ વર્ષ કે, તેથી વધુ સમય રાજ્ય પોલીસ દળમાં ફરજ બજાવેલ હોય તેવા કર્મચારીઓ પાસેથી આ સાથે સામેલ રાખેલ નમૂનામાં અરજીઓ ઉમેદવારની સંબંધિત કચેરીના વડા મારફત મંગાવવામાં આવે છે. આ અરજીઓ તેમની કચેરીના વડાને મોકલી આપવાની રહેશે.

**બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર વર્ગ-૩ સંવર્ગની કેટેગરી વાઈઝ ખાલી જગ્યાઓની વિગતો આ મુજબ છે.**

| ક્રમ | સંબંધિત કક્ષા | કુલ ખાલી જગ્યાઓ |
|---|---|---|
| ૧ | બિન અનામત | ૨૦૨ |
| ૨ | અનુસૂચિત જાતિ | ૨૨ |
| ૩ | અનુસૂચિત જનજાતિ | ૩૬ |
| | કુલ | ૨૬૦ |

૨. આ જગ્યા માટેની ઉમેદવારી નોંધાવવા માટેની અરજી મોકલવાની છેલ્લી તા. ૨૫/૧૨/૨૦૧૫ છે.

૩. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરની કચેરીને રૂબરૂમાં અથવા ટપાલથી મોકલવામાં આવેલ અરજી સ્વીકારવામાં આવશે નહી. એટલે કે, આપોઆપ રદ ગણવામાં આવશે.

૫. સામાન્ય ઉમેદવારોએ અરજીપત્રક સાથે રૂ. ૪૦૦/- (અંકે રૂપિયા ચારસો પૂરા)  તથા અનુ. જાતિ, અનુ. જનજાતિ વર્ગના કિસ્સામાં રૂ. ૨૦૦/-(અંકે રૂપિયા બસો પૂરા) “૦૦૫૧ જાહેર સેવા આયોગ-૧૦૪- ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ (૧) પરીક્ષા ફી” સદરે ચલણથી જમા કરાવવાના રહેશે.

ભરતી નિયમોમાં ઠરાવેલી લાયકાતો:

૧. ઉમેદવારે ગુજરાત રાજ્ય પોલીસ સેવામાં આસીસ્ટન્ટ સબ ઇન્સ્પેકટર (બિન હથિયારી) વર્ગ-૩ અથવા હેડ કોન્સ્ટેબલ (બિન હથિયારી) વર્ગ-૩ સંવર્ગમાં ઓછામાં ઓછા ત્રણ વર્ષની સળંગ સેવા બજાવેલી હોવી જોઈશે. અથવા પોલીસ દળમાં અનાર્મ્ડ એ. એસ. આઇ/અ. હે. કો./ અ. પો. કો. વર્ગ-૩ ના સંવર્ગમાં એકત્રિત કે અલગ અલગ ૧૫ વર્ષ કે, તેથી વધુ સમય રાજ્ય પોલીસ દળમાં ફરજ બજાવેલ હોય તેવા ઉમેદવારો પણ આ જગ્યા માટે અરજી કરી શકે છે.

૨. ગુજરાત મુલ્કી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરના જ્ઞાન માટેની લાયકી પરીક્ષા પાસ કરેલ હોવો જોઈશે.

૩. ઉમેદવાર, સરકાર દ્વારા, વખતોવખત ઠરાવવામાં આવેલ શારીરિક યોગ્યતા અંગેના લઘુત્તમ ધોરણો ધરાવતા હોવા જોઈશે.

૪. ઉમેદવાર ધોરણ-૧૨ પાસ અથવા ધોરણ-૧૧ (ઓલ્ડ એસ. એસ. સી.) પાસ હોવા જોઈશે. અથવા સરકારશ્રી દ્વારા તેને સમકક્ષ જાહેર કરાયેલ લાયકાત ધરાવતા હોવા જોઈશે.

૫. કોઈપણ ઉમેદવારે આ પરીક્ષા પાસ કર્યા બાદ તેની વિરુધ્ધ કોઇ ખાતાકીય તપાસ, કોર્ટ કેસ કે અન્ય કોઈ શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરાયાનું જણાઈ આવશે તો આવા ઉમેદવારને બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર વર્ગ-૩ સંવર્ગમાં નિમણૂંક આપવી કે કેમ; તે અંગેનો નિર્ણય સક્ષમ અધિકારીશ્રી લેશે.

૬. આ પરીક્ષા નિમણૂંક મેળવવા માટેની પાત્રતા નક્કી કરવા માટે છે. ઉમેદવારે માત્ર પરીક્ષા પાસ કર્યાથી તે નિમણૂંક મેળવવા હકદાર નથી.

૭. અરજદારોએ ગૃહ વિભાગના તા. ૧૦/૦૯/૨૦૧૪ ના જાહેરનામા ક્રમાંક: જીજી/જીયુજે/૭૮/૨૦૧૪/એમએચ કે/૧૦૨૦૧૪/૧૭૨૮/સી થી પ્રસિધ્ધ કરેલ ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો (સુધારેલ) મુજબ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર ધ્વારા લેવાનાર શારીરિક કસોટી (QUALIFYING TEST), તેમજ લેખિત પરીક્ષાઓ (Objective અને Subjective) આપવાની રહેશે. અને તેમાં ગુણવત્તાના ધોરણે ઉત્તીર્ણ થનાર ઉમેદવારોને, બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર વર્ગ-૩ સંવર્ગમાં પસંદ કરવામાં આવશે.

૮. આ જગ્યાઓ માટે શારીરિક કસોટી (QUALIFYING TEST) સંભવત: મંડળ દ્વારા, જાન્યુઆરી- ૨૦૧૬ માં લેવામાં આવશે.

(પી. ડી. પલસાણા)
સચિવ
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,
ગાંધીનગર.

# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

## રાજ્ય પોલીસદળમાં પો. સ. ઇ. (બિન- હથિયારી શાખા) વર્ગ-૩ ની જગ્યાઓ માટેની ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉમેદવારી નોંધાવવા માટેનું

## અરજી પત્રક ( જા. ક્ર. ૬૧/૨૦૧૫૧૬)

| કચેરીના ઉપયોગ માટે |
|---|
| |

| ઉમેદવારની સહી સાથેનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ અહી લગાવવો અને અર્ધી ફોટા પર આવે તે રીતે પોતાની સહી કરવી. |
|---|

(૧) ઉમેદવારનું નામ:-________________________________

(અંગ્રેજી અને ગુજરાતીમાં) ________________________________

(અટક પહેલા લખવી) ________________________________

(૨) ઉમેદવારનો હોદ્દો:________________________________

(૩) હાલની ફરજના સ્થળના જિલ્લા:________________________________

એકમનું નામ અને સરનામુ:________________________________

(૪) ઉમેદવારનું કાયમી સરનામું: ________________________________

________________________________

(૫) જન્મ તારીખ :________________________________

(પુરાવારૂપે શાળા છોડયાના પ્રમાણપત્રની ________________________________

પ્રમાણિત નકલ સામેલ રાખવી.)________________________________

તા. ૨૫/૧૨/૨૦૧૫ ના રોજ ની ઉમર________ દિવસ______ માસ ________ વર્ષ ________

(૬) ખાતામાં ભરતી તારીખ:________________________________

(૭) હેડ કોન્સ્ટેબલ તરીકે બઢતી મળ્યા તારીખ:________________________________

(૮) એ.એસ.આઇ. તરીકે બઢતી મળ્યા તારીખ:________________________________

(૯) હે. કો. અને અથવા એ. એસ. આઇ. તરીકે

ની ત્રણ વર્ષની સેવાઓ પૂર્ણ કર્યા તારીખ:-________________________________

(૧૦) અનાર્મ્ડ એ. એસ. આઇ/અ. હે. કો./ અ. પો. કો.

વર્ગ -૩ સંવર્ગમાં એકત્રિત કે અલગ અલગ ૧૫ વર્ષ કે,

તેથી વધુ સમય ફરજ બજાવેલ હોય તો તેની વિગતો:-________________________________

(૧૧) કેટેગરી:- (અનામત જાતિ અંગેનો સક્ષમ અધિકારીનો દાખલો સામેલ રાખવો) લાગુ પડતા ( ) માં √ થી બતાવવું

(૧) સામાન્ય ( )
(૨) અનુ. જાતિ ( )
(૩) અનુ. જનજાતિ ( )
(૪) સા.અને શૈ.પ.વર્ગ ( )

(૧૨) ઉમેદવાર પુરૂષ છે કે મહિલા: પુરૂષ ( ) મહિલા ( )
(લાગુ પડતા ( ) માં √ કરવું)

(૧૩) શૈક્ષણિક લાયકાત :- પ્રમાણપત્ર અને અથવા ગુણપત્રકની પ્રમાણિત નકલો સામેલ રાખવી.

| ક્રમ | શૈક્ષણિક લાયકાત | બોર્ડ/ યુનિ. નું નામ | પરીક્ષા પાસ કર્યાનું વર્ષ | મેળવેલ વર્ગ/ગુણ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | |

(૧૪) કોમ્પ્યુટર અંગેની જાણકારી સંબંધી ઉમેદવારે
પાસ કરેલા માન્ય. કોર્ષ/ પરીક્ષા. :------------------------------------------------
(પ્રમાણપત્રની પ્રમાણિત નકલ સામેલ રાખવી)

## <u>સોગંદનામું</u>

હુ આથી એકરાર કરું છું કે ઉપર જણાવેલ બધી વિગતો સાચી છે, જો કોઇ માહિતી ખોટી જણાય તો મંડળ ધ્વારા જે પગલાં લેવાશે તે મને મંજૂર અને બંધનકર્તા રહેશે.

સ્થળ:-

તારીખ:-

------------------------------------
અરજદારની સહી.

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ઉમેદવારની સેવાપોથી તથા પ્રમાણપત્રોની ચકાસણી કરતા ઉપર મુજબની માહિતી બરાબર છે તથા નિયત ફી રૂ. ________/- ચલણથી જમા કરાવેલ છે.

કચેરીના વડાની સહી
નામ અને હોદ્દો

ખાસ સ્પર્ધાત્મક  પરીક્ષા થી પોલીસ સબ ઇન્સ્પેકટર વર્ગ-૩ની જગ્યાઓ ભરવા સબંધમાં મંડળ ધ્વારા તારીખ. ૦૩/૧૨/૨૦૧૫ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ સર્કયુલર જાહેરાત ક્રમાંકઃ૬૧/૨૦૧૫૧૬ સબંધમાં શારીરિક કસોટીની વિગતો  તેમજ લેખિત પરીક્ષાઓ સંબંધમા  અભ્યાસક્રમ-ગુણભાર  નીચે મુજબ છે. જેની સબંધિત ઉમેદવારોએ નોંધ લેવી.

❖ <u>શારીરિક કસોટીઃ</u>-

૧. શારીરિક કસોટી કવોલીફાઇંગ પ્રકારની છે. શારીરિક કસોટીના કોઇ ગુણ નથી.
૨. શારીરિક કસોટી પુરૂષ અને સ્ત્રી ઉમેદવારો માટે ૮૦૦ મીટર દોડની રહેશે. જે માટે નીચેના કોષ્ટકમાં દર્શાવ્યા અનુસારના ઉંમરના ગ્રુપના ઉમેદવારો માટે મહત્તમ સમયમર્યાદા નીચે  મુજબ  મળવાપાત્ર રહેશે.

(ક) <u>પુરૂષ ઉમેદવારો માટેઃ-</u>

| ક્રમ | ઉંમર ગ્રુપ | મહત્તમ સમયમર્યાદા |
|---|---|---|
| ૧ | ૩૫ વર્ષ સુધી | ૫ મિનિટ અને ૧૦ સેકન્ડસ |
| ૨ | ૩૫ થી વધુ અને ૪૦ વર્ષ સુધી | ૫ મિનિટ અને ૨૫ સેકન્ડસ |
| ૩ | ૪૦ થી વધુ અને ૪૫ વર્ષ સુધી | ૫ મિનિટ અને ૪૦ સેકન્ડસ |
| ૪ | ૪૫ થી વધુ અને ૫૦ વર્ષ સુધી | ૬ મિનિટ અને ૧૦ સેકન્ડસ |
| ૫ | ૫૦ વર્ષ થી વધુ | ૬ મિનિટ અને ૪૫ સેકન્ડસ |

(ખ) <u>મહિલા ઉમેદવારો માટેઃ-</u>

| ક્રમ | ઉંમર ગ્રુપ | મહત્તમ સમયમર્યાદા |
|---|---|---|
| ૧ | ૩૫ વર્ષ સુધી | ૬ મિનિટ અને ૪૦ સેકન્ડસ |
| ૨ | ૩૫ થી વધુ અને ૪૦ વર્ષ સુધી | ૬ મિનિટ અને ૫૦ સેકન્ડસ |

| | | |
|---|---|---|
| ૩ | ૪૦ થી વધુ અને ૪૫ વર્ષ સુધી | ૭ મિનિટ |
| ૪ | ૪૫ થી વધુ અને ૫૦ વર્ષ સુધી | ૭ મિનિટ અને ૧૦ સેકન્ડસ |
| ૫ | ૫૦ વર્ષ થી વધુ | ૭ મિનિટ અને ૩૦ સેકન્ડસ |

૩. ઉમેદવારે શારીરિક કસોટીમાં હાજર થવા માટે રજીસ્ટર્ડ મેડીકલ પ્રકટીશનરનું મેડીકલી ફિટનેસ અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

૪. જે ઉમેદવાર શારીરિક કસોટી સફળતાપૂર્વક પાસ કરશે તેને લેખિત કસોટીમાં બોલાવવામાં આવશે.

❖ <u>લેખિત કસોટીઃ-</u>

૧. લેખિત કસોટી નીચે મુજબના બે ભાગમાં રહેશે.
ભાગ-૧ - ઓબ્જેકટીવ (હેતુલક્ષી) પ્રકારની લેખિત કસોટી
ભાગ-૨ઃ- સબ્જેકટીવ (વર્ણનાત્મક) પ્રકારની લેખિત કસોટી

૨. જે ઉમેદવારોને સફળતાપૂર્વક શારીરિક કસોટી પાસ કરેલ હશે તેમને તેઓને મંડળ ધ્વારા ઓબ્જેકટીવ (હેતુલક્ષી) પ્રકારની લેખિત કસોટી માટે બોલાવવામાં આવશે.

૩. ઓબ્જેકટીવ (હેતુલક્ષી) પ્રકારની લેખિત કસોટીમાં મંડળે ઠરાવેલ લઘુત્તમ લાયકી ગુણ ધરાવતા ઉમેદવારોને સબ્જેકટીવ (વર્ણનાત્મક) પ્રકારની લેખિત કસોટી માટે બોલાવવામાં આવશે.

૪. સામાન્યતઃ ખાલી જગ્યાના પાંચ ગણા જેટલા ઉમેદવારોને મંડળ ધ્વારા સબ્જેકટીવ (વર્ણનાત્મક) પ્રકારની લેખિત કસોટી માટે બોલાવવામાં આવશે.

૫. ઓબ્જેકટીવ (હેતુલક્ષી) પ્રકારની લેખિત કસોટીનો અભ્યાસક્રમ નીચેના કોષ્ટક (એનેક્ષ્ચર-એ) માં દર્શાવ્યા મુજબનો રહેશે.

# <u>એનેક્ષ્ચર – એ</u>

ઓબ્જેકટીવ (હેતુલક્ષી) પ્રકારની લેખિત કસોટીના બે પ્રશ્નપત્રો અને ૨૦૦ ગુણ નીચે મુજબ રહેશે.

| પ્રશ્નપત્ર | વિષય | ગુણ | સમય |
|---|---|---|---|
| ૧ | સામાન્ય અભ્યાસ અને માનસશાસ્ત્રીય કસોટી | ૧૦૦ | ૧ કલાક ૩૦ મિનિટ |
| ૨ | કાનૂની બાબતો | ૧૦૦ | ૧ કલાક ૩૦ મિનિટ |
| | કુલ ગુણ | ૨૦૦ | |

૧. પરીક્ષા Multiple Choice Question (MCQ) અને Optical Mark Reader (OMR) પધ્ધતિની રહેશે.
૨. દરેક પ્રશ્નનો એક ગુણ રહેશે.
૩. ઉમેદવારે બધા પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.
૪. ખોટા જવાબદીઠ મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. નેગેટીવ માર્કીંગ લાગુ પડશે.
૫. દરેક પ્રશ્નના જવાબોમાં એક વિકલ્પ 'E' ''Not attempted'' રહેશે.ઉમેદવાર કોઇ પ્રશ્નનો જવાબ આપવા ના ઇચ્છતા હોય તો, આ વિકલ્પ પસંદ કરી શકશે. અને ''Not attempted'' વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહીં.
૬. પ્રશ્નના આપેલા બધા વિકલ્પોમાંથી કોઇ પણ વિકલ્પ પસંદ નહીં કરવામાં આવે તો મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી (નેગેટીવ માર્કીંગ) કરવામાં આવશે.

<u>પ્રશ્નપત્ર-૨ નો અભ્યાસક્રમ તથા તેનો ગુણભાર નીચે મુજબ રહેશે.</u>

| No. | Subject | Marks |
|---|---|---|
| 1 | Constitution of India; Part:3, 4, 5 | 05 |
| 2 | Code of criminal Procedure 1973 | 10 |
| | Chapters:2,4,5,7,8,9,10,11 | |

| | | |
|---|---|---|
| | Remaining Chapters | 05 |
| 3 | Indian Penal Code, 1860 | 10 |
| 4 | Indian Evidence Act, 1872 | 10 |
| 5 | Gujarat Police Act, 1951 | 15 |
| 6 | Gujarat Prohibition Act, 1949 | 05 |
| 7 | Prevention of Corruption Act, 1988 | 10 |
| 8 | Scheduled Castes and Scheduled Tribes (Prevention of Atrocities) Act, 1989 | 10 |
| 9 | Motor Vehicles Act, 1988 | 05 |
| 10 | Gujarat Prevention of Gambling Act, 1887 | 05 |
| 11 | Questions on Police function related to investigation, crime control, law and order and working of a police station. | 10 |

## એનેક્ષ્ચર - બી

(૧) સબ્જેક્ટીવ (વર્ણનાત્મક ) પ્રકારની લેખિત પરીક્ષા નીચે મુજબ,  ૨૦૦ ગુણ ની ૨ (બે) પ્રશ્નપત્રો ની રહેશે

| પ્રશ્નપત્ર | વિષય અને સમાવિસ્ઠ બાબતો | ગુણ | સમયમર્યાદા |
|---|---|---|---|
| ૧ | ગુજરાતી ભાષા,(વર્ણનાત્મક), ગુજરાતી વ્યાકરણ, વર્બલ એપ્ટીટ્યુડ વોકેબ્યુલરી, ઇડીયમ્સ, કોમ્પ્રીહેંન્શન. | ૧૦૦ | ૩ કલાક |
| ૨ | અંગ્રેજી ભાષા,(વર્ણનાત્મક), અંગ્રેજી વ્યાકરણ, વર્બલ એપ્ટીટ્યુડ ,વોકેબ્યુલરી, ઇડીયમ્સ, કોમ્પ્રીહેંન્શન. | ૧૦૦ | ૩ કલાક |

(૨) પરીક્ષાનું ધોરણ ગુજરાત સેકન્ડરી અને હાયર સેકન્ડરી શિક્ષણ બોર્ડના ધોરણ-૧૨ ની પરીક્ષાની સમકક્ષ રહેશે.